સ્વાઈન ફ્લુ સાથે વાયરલના ભરડામાં ગાંધીનગર શહેર

સેક્ટર-૨૪ સહિતના અર્બન હેલ્થ સેન્ટરોમાં રવિવારની રજાના દિવસે પણ ઓ.પી.ડી. ચાલુ રાખવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૪

એક તરફ સ્વાઈન ફ્લુનો હાહાકાર છે ત્યાં ગાંધીનગર શહેરમાં વાઈરલ રોગોએ પણ માથુ ઉંચક્યું છે. આજે સર્વેલન્સ દરમ્યાન તાવ, ખાંસી, શરદીના મળેલા દર્દીઓને તાત્કાલિક નજીકના દવાખાનામાં સારવારની સલાહ આપવામાં આવતાં સરકારી દવાખાનામાં ભારે ભીડ અને લાઈનો લાગી ગઈ હતી.

આરોગ્યતંત્રએ પણ પરિસ્થિતિને લક્ષમાં રાખી અને આજે રવિવારની રજા હોવા છતાં અર્બન હેલ્થ સેન્ટરોની ઓ.પી.ડી. ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે સે.૨૪ના અર્બન હેલ્થ સેન્ટરમાં જ આજે ૪૦૦ થી વધુ દર્દીઓની ઓ.પી.ડી. નોંધાઈ હતી. આ ઉપરાંત અન્ય ત્રણ અર્બન હેલ્થ સેન્ટરો પર પણ ૧૦૦ થી વધુ દર્દીઓની ઓ.પી.ડી. નોંધાઈ હતી. સિવિલ હોસ્પિટલની ઓ.પી.ડી. ઉપરાંત આ ઓ.પી.ડી.માં આટલી મોટી સંખ્યામાં દર્દીઓ નોંધાયા છે.

હવામાનમાં થઈ રહેલા બદલાવ અને બે ઋતુઓના સંધિકાળને લઈ શરદી ખાંસીના દર્દીઓ વધુ હોવાનું જણાયું છે. તો વાઈરલ ફિવરના દર્દીઓ પણ જોવા મળ્યા છે. કલોલમાં છુટા છવાયા કમળાના કેસો પણ મળી રહ્યા છે. આમ આરોગ્યતંત્રને અત્યારે દોડાદોડી સિવાય કંઈ જ બચ્યુ નથી.

સ્વાઈન ફ્લુથી બચવા અને રોગચાળા સામે રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે આયુર્વેદના ઉકાળા વિતરણને પણ સઘન બનાવવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં આયુર્વેદ દવાખાનાઓ પર વિતરણ ચાલી રહ્યું છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઉકાળા વિતરણ ચાલી રહ્યું હોવાનું જિલ્લા આયુર્વેદ અધિકારીએ જણાવ્યુ હતુ.

ભાજપ સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર ધરણા

રાજ્યમાં વકરી રહેલા સ્વાઈન ફ્લુ રોગને નાથવામાં સરકાર નિષ્ફળ નિવડી રહી છે ત્યારે ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખ મુકેશ પટેલની આગેવાની હેઠળ ઘ-૩ સર્કલ પાસે આજે કોંગ્રેસી કાર્યકરો દ્વારા ધરણા કરવામાં આવ્યા હતા અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આરોગ્યમંત્રી રાજીનામુ આપે, કુંભકર્ણની નિંદ્રામાંથી ભાજપ સરકાર જાગે. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

અક્ષરધામ સામે ફૂડકોર્ટની ફાળવણી બાદ તલવારો ઉછળી

દુકાનો નથી મળી તે પક્ષે હૂમલો કર્યો : પથ્થરમારો થતા સાત ઘાયલ : આખરે સમાધાન

ગાંધીનગર, તા. ૧૪

અક્ષરધામ સામે બોરીજના વેપારીઓ માટે ફૂડકોર્ટ તૈયાર કરી ફાળવણી કરવામાં આવ્યા બાદ જે લોકોને દુકાનો મળી નથી તે પક્ષે જેમને દુકાનો મળી છે તે વેપારીઓ પર હૂમલો કરી દીધો હતો. એક વેપારીને તલવાર પણ મારવામાં આવી અને પથ્થરમારો પણ થયો જેમાં સાતેક વ્યક્તિઓ ઘાયલ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. પોલીસ કાર્યવાહી કરે તે પહેલા જ બન્ને પક્ષોએ આખરે સમાધાન કરી લઈ પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યું હતું.

અક્ષરધામ સામે ફૂડકોર્ટના વિવાદી મામલામાં ફૂડકોર્ટની ફાળવણી કરી દેવામાં આવી જેમાં કેટલાક વેપારીઓને દુકાનો નહી મળતા જેને દુકાનો મળી તે લોકોએ જોડે રહીને નામો કઢાવ્યા હોવાનું માની લઈ હૂમલો કરી નાંખ્યો હતો. એક વેપારીને તલસવારનો ઘા મારવામાં આવ્યો હતો જ્યારે પથ્થરમારો પણ થયો હતો. આ ઘર્ષણમાં સાતેક ઘાયલ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવારમાં લઈ જવાયા હતા. સે. ૨૧ પોલીસે નિવેદનો લેવાનુ શરૂ કર્યું ત્યાં બન્ને પક્ષોએ સમાધાન કરી લઈ ફરીયાદ કરવાનું ટાળ્યું હતું.



ગાંધીનગરથી મહુડી પદયાત્રાનો શનિવારે સાંજે પ્રારંભ થયો હતો. જાણીતા ઉદ્યોગપતિ કમલકિશોર જૈન પ્રેરિત મહુડી પદયાત્રામાં ૩૫૦થી વધુ ભાવિકો જોડાયા હતા.

એક કરોડની ખંડણી માંગી કલોલના ડૉક્ટર પર ફાયરીંગ

આઈસ ફેક્ટરી ત્રણ આંગળી સર્કલ પાસેથી કાર લઈને જતા હતાં ત્યારે ગોળી મારી : ગોળી કાચમાં ઘુસી : ૧લી ફેબ્રુઆરીએ સલીમ નામથી ફોન કરી એક કરોડ માંગ્યા હતા

ગાંધીનગર, તા. ૧૪

જિલ્લાના કલોલ વિસ્તારના પ્રખ્યાત સર્જન ડૉક્ટરને ૧લી ફેબ્રુઆરીએ સલીમ નામથી કોઈ શખ્સે ફોન કરી ધમકી આપી હતી કે ઘરની બહાર ૧ કરોડ રૂપિયા મુકી દેજે નહીંતર તારૂ મર્ડર કરવું પડશે. ત્યાર બાદ કોઈ ફોન નહી આવતા કોઈએ મજાક કરી હોવાનું સમજી આ બાબતને હળવાશથી ડૉક્ટરે લીધી હતી. દરમ્યાન ૧૨ ફેબ્રુઆરીએ કલોલથી ઘરે અમદાવાદ જવા ગાડી લઈને ડૉક્ટર નીકળ્યા ત્યારે તેમની કાર ઉપર ફાયરીંગ થયું હતું. સદ્‌ભાગ્યે ડૉક્ટરને ગોળી વાગી ન હતી. ગોળી ગાડીના પાછળના કાચમાં ઘુસી હતી.

મળતી માહિતી મુજબ સલીમ નામના શખ્સે ૧ કરોડની ખંડણી માટે કરેલા ફોન બાદ કોઈ બીજો ફોન ન આવતા કલોલમાં હર્ષ સર્જીકલ હોસ્પિટલ ચલાવતા પ્રખ્યાત ડૉ. રાજેશભાઈ કનૈયાલાલ શુક્લએ આ બાબત ગંભીરતાથી લીધી ન હતી. ત્યારબાદ ૧૨ તારીખે તેઓ સાંજે સાતેક વાગ્યાના અરસામાં તેમની ગાડી લઈને ઘર તરફ જવા નીકળ્યા હતા ત્યારે કલોલની ત્રણ આંગળી સર્કલ પાસે અચાનક તેમની ગાડીના કાચ ફુટ્યા જેવો અવાજ આવ્યો. ગાડી ઉભી રાખીને જોયું તો પાછળનો કાચ ફુટેલો હતો. પથ્થર કે કાંકરીથી કાચ ફુટી ગયો હશે તેવું માનીને ડૉ. રાજેશ શુક્લએ ગાડીમાં પાછા બેસી જઈ કાચ નવો નાંખવા ગેરેજમાં ગાડી લઈ લીધી હતી. ગાડી ગેરેજમાં મુકીને ઘરે ગયા બાદ ગેરેજમાં ગાડીનું કામ શરૂ કર્યું ત્યારે ગાંડીમાંથી એક ફુટેલી કારતુસ મળતા કારીગરે ડૉક્ટરને જાણ કરી કે કાચ ફાયરીંગ થવાથી ફુટ્યો છે. ત્યારબાદ પોલીસને જાણ કરતાં કલોલ સીટી પોલીસે જાનથી મારી નાંખવાની કોશીષ સંદર્ભે અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરીને સિનિ. પી.આઈ. એસ.સી. રાઠવાએ તપાસ શરૂ કરી છે.

સામાજિક-શૈક્ષણિક પછાત તેજસ્વી વિદ્યાર્થીઓને સરકાર ટેબલેટ આપશે

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આ કેટેગરીના વિદ્યાર્થીઓ ૭૦ કે તેથી વધુ ગુણ મેળવશે તેને યોજનાનો લાભ મળશે

ગાંધીનગર, તા. ૧૪

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ કે તેથી વધુ ટકા ગુણ પ્રાપ્ત કરનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોય તેવા વિદ્યાર્થીઓને સરકાર દ્વારા વિનામુલ્યે ટેબલેટ આપવામાં આવશે. ગતવર્ષ દરમિયાન પણ આ કેટેગરીમાં આવતા તેજસ્વી વિદ્યાર્થીઓનો આ યોજના હેઠળ સમાવેશ કરવા પણ વિચારણા છે.

રાજ્ય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા અને શિક્ષણક્ષેત્રે પ્રોત્સાહીન કરવાના ઉમદા અભિગમ સાથે આ વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાનુ આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ કે તેથી વધુ ટકા ગુણ પ્રાપ્ત કરનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોય તેવા વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજના અન્વયે ગતવર્ષના આવા તેજસ્વી વિદ્યાર્થીઓને પણ આવરી લેવા વિચારણા હાથ ધરવામાં આવી છે. વિકસતી જાતિની કચેરી દ્વારા જિલ્લાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની યાદી પણ તૈયાર કરી મોકલી દેવા જણાવાયું છે. આગામી મહીનામાં બોર્ડ પરીક્ષા લેવામાં આવનાર છે. ત્યારે વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક આ યોજનાનો લાભ સંબંધિત લાભાર્થીઓ લઈ શકશે. વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે પ્રોત્સાહીત કરવાનો સરકારનો આ અભિગમ અસરકારક નિવડશે તેમ પણ મનાઈ રહ્યું છે.

સ્વામીનારાયણ ધામ સામે બાઈકની અડફેટે યુવાનનુ મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર-કોબા માર્ગ પર સ્થિત સ્વામીનારાયણ ધામ સામે રસ્તો ઓળંગી રહેલા કુડાસણના ૩૫ વર્ષીય યુવાનને અમદાવાદથી ગાંધીનગર બેફામ ગતિએ આવતા બાઈકચાલકે અડફેટે લઈ લીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવાનનું સારવાર દરમ્યાન કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત બાઈકચાલક પણ સારવાર માટે દાખલ છે. ઈન્ફોસીટી પોલીસે બાઈકચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

કુડાસણ ગામની સીમમાં સ્થિત સહજાનંદ સીટી ખાતે રહેતા ૩૫ વર્ષિય સમીરભાઈ જશવંતભાઈ પટેલ આજે સવારે આઠેક વાગ્યાના અરસામાં કુડાસણ પાસે સ્વામીનારાયણ ધામ સામે રસ્તો ઓળંગી બસ સ્ટેન્ડ તરફ જઈ રહ્યા હતા ત્યારે અમદાવાદથી ગાંધીનગર આવતા નોબલનગરના યુવાન આકાશ હરગોવિંદભાઈ જોષીએ તેના બાઈકથી સમીરને ટક્કર મારતા બંને ફંગોળાઈને પટકાયા હતા. સમીરને ગંભીર ઈજાઓ અને બાઈક ચાલક આકાશને સામાન્ય ઈજાઓ થતા બંનેને હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં સમીરનું સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરી ગુનાની તપાસ આરંભી છે.

ખેતરમાં જઈ યુવાનનો ઝેરી દવા પી આપઘાત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક આવેલા મોટી આદરજ ગામના યુવાન માસંગજી મોહનજી ઠાકોર ગઈકાલે ખેતરમાં ગયો અને ઘરે પરત ન આવતા રાત્રે પરિવારજનો શોધવા નીકળ્યા હતા.

ખેતરે જઈને જોયુ તો જમીન પર ઢળેલી હાલતમાં તે પડ્યો હતો. ઉધઈ મારવાની ઝેરી દવા પી લઈને કોઈ કારણોસર તેણે જીવન ટુંકાવવા પ્રયાસ કર્યો હતો. તાત્કાલિક તેને હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. પરંતુ હાલત ગંભીર હોવાથી આખરે તેણે પ્રાણ છોડી દીધો હતો. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

વેલેન્ટાઈન ડે... ગાયે પણ ગુલાબની લારીમાં મોં માર્યું !

ગાંધીનગર, તા. ૧૪

આજે વેલેન્ટાઈન ડે ના દિવસે નગરમાં ફૂલોના વેપારીઓની બોલબાલા વધી ગઈ હતી. નગરના ખૂણે-ખાંચરે સ્થિત ફૂલોની લારીઓ પર ખાસ કરીને યુવક-યુવતિઓની વિશેષ ભીડ જોવા મળી હતી. પ્રેમના પ્રતિક મનાતા વેલેન્ટાઈન ડે ના સેલિબ્રેશનમાં રંગબેરંગી રોઝ આકર્ષણનું કેન્દ્ર હોવાથી આજે એક ગુલાબની કિંમત ૩૦ થી ૪૦ રૂપિયા જેટલી ઉંચી રહી હતી.

વેપારીઓએ પણ તકનો લાભ ઉઠાવી ગુલાબનો ભાવ જરા પણ ઓછો કર્યો ન હતો. સે. ૭માં ફૂલોનો વેપાર કરતા એક લારીવાળા ભાઈ ગ્રાહક સાથે ગુલાબના ભાવની તકરાર કરતા હતા આ દરમિયાન નજીકમાં ફરતી એક ગાયે લારીમાં માથુ મારી ચાર ગુલાબ ચાવી લીધા હતા..! વેલેન્ટાઈન ડે ના દિવસે લાલની સાથે યલ્લો ગુલાબનું પણ વિશેષ વેચાણ થયું હતું.

મહાશિવરાત્રીના દિવસે નગરમાં બરફના અમરનાથ દર્શન

ગાંધીનગર, તા. ૧૪

ભારતમાં અનેક તહેવારોમાં સૌથી આગવુ સ્થાન ધરાવતો તહેવાર એટલે મહાશિવરાત્રી. આજના સમયે આ તહેવારનું ઘણું જ મહત્વ છે. કારણ કે સમગ્ર સમાજ અજ્ઞાનરૂપી અંધકારમાં દુઃખી થઈ રહ્યો છે. ત્યારે જ્ઞાનસૂર્ય પરમપિતા શિવ પરમાત્મા સ્વયં આ ધરા પર આવીને જ્ઞાનપ્રકાશ આપી રહ્યા છે. આ બાબતની ગહન સમજ આપવા માટે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, સેક્ટર-૩ દ્વારા તા. ૧૭ના રોજ મંગળવારે મહાશિવરાત્રીના દિવસે સેક્ટર-૩ના રામેશ્વર મંદિર પરિસરમાં સવારે ૮.૦૦ કલાકથી આખા દિવસ માટે 'બરફના અમરનાથ', 'આત્મખોજ પ્રદર્શન' તથા 'પરમાત્મ અવતરણ' વિડિયો શોં નું આયોજન કરવામાં આવેલ છે. આ પુનિત પ્રસંગે મહાનગરપાલિકા, ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. આપ સૌ નગરજનોને અમરનાથના દર્શન કરી પોતાના જીવનનો યાદગાર પ્રસંગ બનાવવા ભાવભીનુ ઈશ્વરનીય નિમંત્રણ છે. આ કાર્યક્રમ બાદ ત્રિદિવસીય તનાવમુક્ત જીવન શિબિરનો લાભ લઈને પોતાના જીવનને તનાવમુક્ત તથા નિશ્ચિંત બનાવશો.

આજે સેક્ટર-૬ શિવકથામાં દેવાંગી મહેતા શિવતાંડવ કરશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સેક્ટર-૬માં શિવમહાપુરાણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. દિવસે દિવસે શિવકથામાં રાજ્યના નામાંકિત વ્યક્તિઓ દર્શનનો લાભ લઈ રહ્યા છે. તેમજ કથામાં આવતા પ્રસંગોને ઉજવવામાં આવી રહ્યા છે.

જેમાં શિવવિવાહ, કાર્તિક પ્રાગટ્ય અને ગણેશ પ્રાગટ્ય જેવા ઉત્સવો ઉમંગથી મનાવવામાં આવ્યા છે. ત્યારે કથામાં આજે રવિવારે દેવાંગી મહેતા દ્વારા શિવતાંડવ નૃત્ય રજુ કરવામાં આવશે તેમજ શિવરાત્રીના દિવસે ૧૦૦૧ દિવડા પ્રગટાવી મહા આરતી યોજાશે.

આજે રોહિદાસ સમાજનો ૧૧મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

સંતશ્રી રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા ૧૧મો સમૂહ લગ્નોત્સવ યોજાશે. સમૂહ લગ્નોત્સવ આજરોજ રવિવારે સેક્ટર-૬ ખાતે આવેલ સંતશ્રી રોહિદાસ સેવા સમાજ ખાતે યોજવામાં આવશે. જેમાં ૩૨ યુગલો પ્રભુતામાં પગલા પાડશે.

ગાંધીનગર સેક્ટર-૬માં આજે રોહિદાસ સેવા સમાજનો અગિયારમો સમૂહ લગ્નોત્સવ સેક્ટર-૬ સ્થિત સમાજભવન ખાતે યોજાશે. સમુહ લગ્નોત્સવમાં ૩૨ યુગલો જીવનના પથ પર ચાલવા પ્રભુતામાં પગલા પાડશે. જગદીશભાઈ ચાવડા સમારંભના પ્રમુખ તરીકે ઉપસ્થિત રહેશે. તેમજ આત્મારામ પરમાર, નાયક દંડક વિધાનસભા, વિનોદ ચાવડા સંસદસભ્ય, આર.એમ. પટેલ ધારાસભ્ય, રમેશભાઈ ચાવડા ધારાસભ્ય, અશોક પટેલ ધારાસભ્ય સહિત પદાધિકારીઓ, સમાજના હિતચિંતકો અને મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહેશે.

સ્વાઈન ફ્લુ સામે વિદ્યાર્થીઓને રક્ષણ

ગાંધીનગર, તા. ૧૪

લેકાવાડા, ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શાળાના કે.જી. થી ધો. ૧૨ સુધીના તમામ બાળકો તથા સ્ટાફ માટે 'સ્વાઈન ફ્લુ' પ્રતિરોધક ઉકાળા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં અલગ-અલગ પ્રકારની ઔષધીઓ જેવી કે દશમૂળ, પથ્યાદી, ગુરૂવ્યાદી, પ્રેક્ષેક, તુલસી, અરડૂસી, આદુ તથા મરી વગેરેનો ઉકાળો શાળા દ્વારા જ તૈયાર કરી દરેક વિદ્યાર્થીઓને એક સપ્તાહ દરમ્યાન દરરોજ આપવામાં આવશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪
સૂર્યાસ્ત : ૬.૩૬

તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૦.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૧ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રોય : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
રોય : ૧૨.૦૦, ૯.૦૦
બેબી : ૩.૦૦, ૬.૦૦
સ્ક્રીન-૩ :
એમઓજી : ૧૧.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૯.૩૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :
રોય : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
રોય : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
સ્ક્રીન-૪ :
એમ.એસ.જી : ૧૨.૩૫
મીતવા(મરાઠી) : ૪.૦૦
ટેમ્પર (તેલુગુ) : ૭.૦૦
બેબી : ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૩.૪૫
ખામોશીયાં : ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૧૨.૪૫
બેબી : ૧૦.૦૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
રોય : ૮.૧૫, ૧૧.૨૫, ૯.૨૦
ષમિતાભ : ૨.૪૦
એમ.એસ.જી : ૫.૫૦
સ્ક્રીન-૨ :
રોય : ૯.૪૦, ૧૨.૨૦, ૪.૦૦, ૭.૧૦, ૧૦.૨૦
સ્ક્રીન-૩ :
એમ.એસ.જી : ૮.૪૦,
રોય : ૧૨.૧૦, ૩.૨૦
બેબી : ૬.૩૦
ષમિતાભ : ૯.૪૫
સ્ક્રીન-૪ :
એમ.એસ.જી : ૮.૦૦, ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

વૃષભ : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા- પ્રવાસનું આયોજન થશે.

તુલા : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. લીલાબેન આત્મરામ પંચાલ (ઉ.વ.૭૫) મુ. ગલથરા, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. સુભદ્રાબેન ગુરુધ્યાલ જયસ્વાલ (ઉ.વ.૭૪) ૨૯/૩, 'છ'-ટાઈપ, સેક્ટર-૧૭
- સ્વ. રણજીતભાઈ સવાજી વણઝારા (ઉ.વ.૩૫) જી.ઈ.બી. મેઈનગેટના છાપરા, ગાંધીનગર
- સ્વ. કેતનકુમાર રમણભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૬) મુ.પો. ઈન્દ્રોડા, પ્રજાપતિ વાસ, ગાંધીનગર
- સ્વ. ચંચળબા લક્ષ્મણજી ચાવડા (ઉ.વ.૬૫) ૫૬/૨૩૨, શ્રીનગર સોસાયટી, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. વાસંતીબેન કેશવલાલ આડગોર (ઉ.વ.૮૧) પ્લોટ નં. ૧૨૪૭/૧, સે-૭, ગાંધીનગર